### ઓડ ખાતે ચૂંટણી તાલીમ દરમિયાન શંકરા આઈ હોસ્પિટલ દ્વારા નિ:શુલ્ક આંખ તપાસ કેમ્પ યોજાયો

# ઉમરેઠ પેટા ચૂંટણીમાં રોકાયેલા 40 જેટલા કર્મચારીને આંખોમાં તકલીફ હોવાનું ખુલ્યું

**પેટા ચૂંટણીની તાલીમ** દરમિયાન 69 કર્મીની તપાસમાં 31ને ચશ્મા અને 9ને રેટિનાની સમસ્યા જણાઈ




(પ્રતિનિધિ) આણંદ તા.3

ઉમરેઠ વિધાનસભા બેઠકની આગામી પેટા ચૂંટણીને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રક્રિયા દરમિયાન ચૂંટણી કર્મચારીઓના સ્વાસ્થ્યને લઈને મહત્વની વિગતો સામે આવી છે. ઓડ સ્થિત ડી.એમ. પટેલ કોલેજ ખાતે યોજાયેલ પ્રથમ તબક્કાની તાલીમ દરમિયાન હાથ ધરવામાં આવેલી વિશેષ તપાસમાં ચૂંટણી કામગીરીમાં રોકાયેલા કુલ 40 કર્મચારીઓને આંખની તકલીફ હોવાનું બહાર આવ્યું છે.

લોકશાહીના આ પર્વમાં ફરજ બજાવનારા કર્મચારીઓની સુખાકારી માટે કલેક્ટર કચેરી, આણંદ અને શંકરા આઈ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે એક નિ:શુલ્ક આંખ તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં પ્રિસાઈડિંગ ઓફિસર અને પોલિંગ ઓફિસર તરીકે તાલીમ લઈ રહેલા કુલ 69 કર્મચારીઓએ પોતાની આંખોનું પરીક્ષણ કરાવ્યું હતું. આ તપાસ દરમિયાન અત્યંત ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે, જેમાં 31 જેટલા કર્મચારીઓને દ્રષ્ટિની નબળાઈને કારણે ચશ્મા પહેરવાની સલાહ આપવામાં આવી હતી. આ ઉપરાંત, 9 કર્મચારીઓમાં રેટિના (આંખના પડદા) ને લગતી ગંભીર સમસ્યાઓ જોવા મળી હતી, જેમને વધુ સારવાર માટે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આમ, કુલ તપાસ કરાયેલા કર્મચારીઓમાંથી અડધાથી વધુ એટલે કે 40 કર્મચારીઓ આંખની કોઈને કોઈ સમસ્યાથી પીડાતા હોવાનું નિદાન થયું છે. શંકરા આઈ હોસ્પિટલના બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર સુવિક્રમ તિવારી અને તેમની ટીમ દ્વારા આ કેમ્પનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ અંગે નિષ્ણાંતોના મતે, લાંબા સમય સુધી સ્ક્રીન વર્ક અને ફિલ્ડ ડ્યુટી કરવાને કારણે કર્મચારીઓમાં આંખની સમસ્યાઓનું પ્રમાણ જોવા મળી રહ્યું છે. ચૂંટણી જેવી મહત્વની કામગીરીમાં કર્મચારીઓની કાર્યક્ષમતા જળવાઈ રહે તે હેતુથી વહીવટી તંત્ર દ્વારા આ આરોગ્યલક્ષી પહેલ કરવામાં આવી હતી.

### આણંદના રોકડીયા હનુમાનજી મંદિરે હનુમાન જયંતિ મહોત્સવ ઉજવાયો



આણંદ સ્થિત શ્રીરોકડીયા હનુમાનજી મંદિરે ચૈત્રી પૂનમના રોજ હનુમાન જયંતિ મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે મંદિરમાં મારૂતિયજ્ઞ, મહાભોગ અન્નકુટ અને વિશેષ શણગાર આરતી જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન થયું હતું. લાલજી મહારાજ સૌરભપ્રસાદજી અને સંતોની પાવન ઉપસ્થિતિમાં યજ્ઞની પૂર્ણાહુતિ થઈ હતી, જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતાં. આ પ્રસંગે દાદાના દર્શનાર્થે આવેલા તમામ શ્રદ્ધાળુઓને મંદિર ટ્રસ્ટ તરફથી બુંદીના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### કપડવંજમાં પોલીસ ચોકીની નાકની નીચે જ ટ્રાફિકના ધજાગરા ગાંધી પ્રતિમા પાસે આડેધડ પાર્કિંગનો જમાવડો



કપડવંજ શહેરની મધ્યમાં આવેલા ઐતિહાસિક ગાંધી પ્રતિમા સર્કલની વર્તમાન સ્થિતિ દયનીય બની છે. અહીં સાત રસ્તાઓના સંગમ સ્થાને વાહનોના આડેધડ પાર્કિંગ અને લારી-ગલ્લાઓના અતિક્રમણને કારણે ટ્રાફિકની વિકટ સમસ્યા સર્જાઈ છે. બાજુમાં જ લાયન્સ પોલીસ ચોકી આવેલી હોવા છતાં ટ્રાફિક નિયમનનો અભાવ જોવા મળે છે, જેના કારણે વાહનચાલકોને મોટા ચક્કરો કાપીને પસાર થવાની ફરજ પડે છે. આ ઉપરાંત, રખડતા પશુઓ અને ફેરિયાઓના અડિંગાને લીધે દ્વિચક્રી વાહનો માટે પણ જગ્યા બચતી નથી. સૌથી ખેદજનક બાબત એ છે કે, મહિનાઓ સુધી હટાવવામાં ન આવતા જાહેરાતના બોર્ડને કારણે રાષ્ટ્રપિતાની પ્રતિમા પણ ઢંકાઈ જાય છે, જે તેમના ગૌરવને હાણ પહોંચાડે છે. સ્થાનિક લોકો હવે સત્તાવાળાઓ પાસે નિષ્ક્રિયતા ખંખેરીને આ બાબતે કડક કાયદેસરની કાર્યવાહી કરે તેવી માંગ કરી રહ્યા છે.

**તસવીર : હરિશ જોષી**

# લુણાવાડામાં રજામાં ખાનગી શાળાઓ ચાલુ રહેતા ઉગ્ર રોષ

**શિક્ષણ વિભાગના** આદેશોના લીરેલીરા, નોટિસ છતાં સંચાલકોની મનમાની

(પ્રતિનિધિ) લુણાવાડા તા.3

મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડામાં રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરી ખાનગી શાળાઓએ જાહેર રજાના દિવસે પણ શૈક્ષણિક કાર્ય ચાલુ રાખતા વહીવટી તંત્ર સામે પડકાર ફેંક્યો છે. જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા અગાઉથી જ તમામ શાળાઓને રજાનું ચુસ્ત પાલન કરવા સૂચના આપી હોવા છતાં, અનેક નોન-ગ્રાન્ટેબલ શાળાઓએ આ આદેશને નેવે મૂક્યો છે.

શિક્ષણ વિભાગના નિયમ મુજબ તમામ સરકારી અને ખાનગી શાળાઓને જાહેર રજાઓ સમાન રીતે લાગુ પડે છે. આમ છતાં, લુણાવાડાની કેટલીક શાળાઓ 'નોન-ગ્રાન્ટેબલ' હોવાના બહાના હેઠળ મનસ્વી રીતે કાર્યરત રહી હતી. એક તરફ ધોમધખતો તાપ અને બીજી તરફ રજા હોવા છતાં બાળકોને શાળાએ બોલાવવામાં આવતા વાલીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

આ અંગે વાલીઓનો આક્ષેપ છે કે શાળા સંચાલકોને તંત્રનો કોઈ જ ડર રહ્યો નથી. વાલી મંડળમાં એવો ગણગણાટ છે કે શું DEOની નોટિસ માત્ર કાગળ પર જ સીમિત છે ? વાલી મંડળે માંગ કરી છે કે, માત્ર નોટિસ આપવાથી કંઈ વળવાનું નથી, નિયમ ભંગ કરનાર શાળાઓ સામે દંડનીય કાર્યવાહી થવી જોઈએ અથવા તેમની માન્યતા રદ કરવા સુધીના કડક પગલાં લેવા જોઈએ.

# વીરપુરના ખટારીયા ડુંગર પર આગ : 200થી વધુ વૃક્ષો ખાખ

**વીરપુરમાં ફાયર** સુવિધાના અભાવે બાલાસિનોર, લુણાવાડાથી ફાયર ફાઈટરો બોલાવ્યાં


તસવીર: નાથુસિંહ પરમાર

(પ્રતિનિધિ) વીરપુર તા.3

વીરપુરના માંડલીયા ગ્રામ પંચાયત હેઠળ આવેલા ખટારીયા ગામના ડુંગર વિસ્તારમાં બપોરના સમયે અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર પંથકમાં હાહાકાર મચી ગયો હતો. આ વિકરાળ આગમાં અંદાજે ૩ હેક્ટર જેટલી વિશાળ વનરાજી અને 200થી વધુ વૃક્ષો બળીને ખાખ થઈ ગયા હોવાનું અનુમાન છે.

આ ઘટના અંગે વહીવટી તંત્ર અને ફાયર વિભાગને જાણ કરી હતી, પરંતુ વિરપુર તાલુકામાં પોતાની ફાયર બ્રિગેડની સુવિધા ન હોવાથી દર વખતની જેમ આ વખતે પણ બાલાસિનોર અને લુણાવાડાથી ફાયર ફાઈટરો બોલાવવાની ફરજ પડી હતી. આ આગ લાગ્યાના બે કલાક બાદ ફાયર ફાઈટર ઘટના સ્થળે પહોંચતા સ્થાનિક લોકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળ્યો હતો. ગ્રામજનોના જણાવ્યા મુજબ, જો સમયસર સુવિધા મળી હોત તો પ્રાકૃતિક સંપત્તિનું નુકસાન ઘણું ઓછું કરી શકાયું હોત. અલબત્ત, વહીવટી તંત્ર અને ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી, પરંતુ આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ અકબંધ છે. વર્ષોથી વીરપુરમાં ફાયર સુવિધાની માંગ કરવા છતાં કોઈ ઠોસ પગલાં ન લેવાતા રોષ જોવા મળ્યો છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કપડવંજની વ્યાસવાસણા પે સેન્ટર શાળામાં વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો



**કપડવંજ |** કપડવંજ તાલુકાની વ્યાસવાસણા પે સેન્ટર શાળા ખાતે ધોરણ ૮ ના વિદ્યાર્થીઓ માટે એક વિશેષ વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના શિક્ષકો અને અન્ય વિદ્યાર્થીઓ દ્વારા વિદાય લેતા છાત્રોને ભાવભીની વિદાય આપવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન શાળાના વાતાવરણમાં લાગણીશીલ દ્રશ્યો સર્જાયા હતા અને સૌએ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ સમારંભ વિદ્યાર્થીઓના શાળાકીય જીવનના એક મહત્વપૂર્ણ સંસ્મરણ તરીકે યાદગાર બની રહ્યો હતો.

### નડિયાદના ટુંડેલ ગામમાં ત્રીસ પરગણા રોહિત સમાજના સ્નેહ મિલનમાં નવા હોદ્દેદારો વરાયાં




**નડિયાદ |** નડિયાદના ટુંડેલ ગામે વરિષ્ઠ આગેવાનોની રાહબારી હેઠળ ત્રીસ પરગણા રોહિત સમાજનો સ્નેહ મિલન કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ પ્રસંગે સમાજમાં એકતા, શિક્ષણ અને રોજગારી અંગે ગહન ચર્ચા કરી સામાજિક સહાયતા માટે રૂ. 51,000નું ફંડ એકત્રિત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી, જેમાં પ્રમુખ તરીકે બળવંતભાઈ રોહિત અને મહામંત્રી તરીકે કાંતિભાઈ રોહિતની નિમણૂંક થઈ છે. જગદીશભાઈ રોહિતના સફળ સંચાલન હેઠળ યોજાયેલા આ સ્નેહ મિલનમાં પરગણાના આગેવાનો અને યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આતરસુંબામાં મહાકાળી માતાજીના મંદિરે પરંપરાગત ત્રિદિવસીય ભવાઈ મહોત્સવ યોજાયો



**કપડવંજ |** આતરસુંબા ગામે વાઘાવત રોડ પર આવેલા શ્રી મહાકાળી માતાજીના મંદિરે વર્ષોની પરંપરા મુજબ ચૈત્રી સુદ તેરસથી પૂનમ સુધી ત્રિદિવસીય ભવાઈ અને ધાર્મિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામમાં માતાજીની શોભા યાત્રા કાઢવામાં આવી હતી અને વસઈના નાયક પરિવારના કલાકારો દ્વારા ભક્તિસભર ભવાઈની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ભાવસાર પરિવાર દ્વારા આયોજિત આ ધાર્મિક મહોત્સવમાં આતરસુંબાના ડેપ્યુટી સરપંચ મેહુલભાઈ પરીખ સહિત અનેક અગ્રણીઓ અને ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના અંતિમ દિવસે ગરબા વળાવવામાં આવ્યા હતાં.

### કપડવંજમાં હનુમાન જયંતી નિમિત્તે ગાયોને લાડ લડાવાયા, પાંજરાપોળમાં પૌષ્ટિક આહારનું વિતરણ



**કપડવંજ |** કપડવંજમાં શ્રી મોટા હનુમાન દાદા સેવા ટ્રસ્ટ દ્વારા હનુમાન જન્મોત્સવના પવિત્ર અવસરે પાંજરાપોળ ખાતે ગાયોને ભોજન કરાવવાનો સેવાકીય કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ટ્રસ્ટના સભ્યોની ઉપસ્થિતિમાં ગાયોને ટામેટા, દૂધી અને તરબૂચ જેવા ફળો અને શાકભાજીનું ભરપેટ ભોજન કરાવાયું હતું. આ સેવા કાર્યની સાથે ટ્રસ્ટ દ્વારા પાંજરાપોળ સંસ્થાને રોકડ દાન પણ અર્પણ કરવામાં આવ્યું હતું, જેમાં શહેરના અનેક અગ્રણીઓ જોડાયા હતા. ટ્રસ્ટના પ્રમુખ રાજેશભાઈ ત્રિવેદીએ આ શુભ કાર્યમાં સહયોગ આપનાર તમામ સભ્યોનો હૃદયપૂર્વક આભાર માની સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી હતી.

### આણંદ શહેરની ઇન્કમટેક્સ ઓફિસ ખાતે ફાયર અવેરનેસ ટ્રેનિંગ યોજાઈ



**આણંદ |** આણંદ ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસ દ્વારા મેફેર રોડ પર આવેલી ઇન્કમટેક્સ ઓફિસના કર્મચારીઓ માટે ફાયર સેફ્ટી અંગેની વિશેષ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં ફાયર વિભાગની ટીમ દ્વારા આગ બુઝાવવાની પ્રાથમિક પદ્ધતિઓ અને કટોકટી દરમિયાન બચાવ કામગીરીની પ્રેક્ટિકલ સમજૂતી આપવામાં આવી હતી. કર્મચારીઓને ઓફિસમાં કાર્યરત ફિક્સ ફાયર સિસ્ટમની સંપૂર્ણ કાર્યપદ્ધતિ સમજાવીને સુરક્ષા બાબતે માહિતગાર કરવામાં આવ્યા હતા. ફાયર ઓફિસર ધર્મેશ ગોરના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયો હતો.

### આણંદમાં અમૂલ્ય સિનિયર સિટીઝન ક્લબ દ્વારા આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**આણંદ |** અમૂલ્ય સિનિયર સિટીઝન ક્લબ આણંદ દ્વારા પ્રમુખ જયંતીભાઈ શાહના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં આઈરીશ હોસ્પિટલના ડો. અપૂર્વ પટેલે હરનિયા અને ડો. મોઇઝ વોરાએ પેટના રોગો અંગે સભ્યોને વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે દીપ પ્રાગટ્ય બાદ ક્લબના જન્મદિન ધરાવતા સભ્યોનું સ્મૃતિભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું અને મંત્રી નરેન્દ્રભાઈ શાહે ક્લબની આગામી પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન નરેન્દ્રભાઈ શાહે કર્યું હતું, જેમાં મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને અંતે શંકરલાલ મંડોરાએ આભાર વિધિ કરી હતી.

### આણંદમાં શિક્ષણવિદ્ નારાયણભાઈ વાણીના લગ્ન જીવનની સુવર્ણ જયંતીની ઉજવણી કરાઇ



**આણંદ |** આણંદના નિવૃત્ત શિક્ષણવિદ્ નારાયણભાઈ અને આશાબહેન વાણીના લગ્ન જીવનના 50 વર્ષ પૂર્ણ થતા સ્નેહમિલન અને ગંગા પૂજનનો કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો. આ પ્રસંગે મહારાષ્ટ્રથી આવેલા સગા-સંબંધીઓ, સ્થાનિક મિત્ર વર્તુળ અને શિક્ષણવિદોએ મોટી સંખ્યામાં હાજર રહી દંપતીને આશીર્વાદ અને શુભકામનાઓ પાઠવી હતી. મહેમાનોના મનોરંજન માટે જી.એન. ભાવસાર મ્યુઝિકલ ગ્રુપ દ્વારા મુકેશજીના ગીતો અને અન્ય કલાકારો દ્વારા જૂના-નવા ફિલ્મી ગીતોની શાનદાર સંગીત સંધ્યા પીરસવામાં આવી હતી. જીગ્નેશભાઈ કાછિયાના ચોટદાર સંવાદો અને ગાયક કલાકારોની સૂરમયી પ્રસ્તુતિએ સમગ્ર પ્રસંગમાં મનોરંજનનો વિશિષ્ટ માહોલ સર્જી મહેમાનોને મંત્રમુગ્ધ કર્યા હતાં.

### સીવીએમ યુનિવર્સિટી દ્વારા ઓટોમોબાઈલ અને આઈટી ક્ષેત્રની 4 કંપની સાથે કરાર કરાયાં



**આણંદ |** સીવીએમ યુનિવર્સિટીએ NEP 2020 હેઠળ વિદ્યાર્થીઓને વૈશ્વિક એક્સપોઝર આપવા માટે ગાંધીનગર અને અમદાવાદમાં IT અને ઓટોમોબાઈલ ક્ષેત્રની 4 પ્રતિષ્ઠિત કંપનીઓ સાથે એમઓયુ કર્યાં છે. ગેટવે ગ્રુપ, તત્વસોફ્ટ, ઇસ્પાર્કબિઝ અને iACE સાથેના આ કરારથી વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને સોફ્ટવેર ડેવલપમેન્ટ જેવા ક્ષેત્રોમાં પ્રેક્ટિકલ ટ્રેનિંગ મળશે. યુનિવર્સિટીના પ્રેસિડન્ટ ભિખુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ જોડાણ ઉદ્યોગ અને શિક્ષણ જગત વચ્ચેનો સેતુ મજબૂત કરી પ્લેસમેન્ટની ગુણવત્તામાં વધારો કરશે.

### એકલવાયું વરિષ્ઠ નાગરિક મંડળની સામાન્ય સભામાં આરોગ્ય અને શિક્ષણ અંગે માર્ગદર્શન અપાયું



**આણંદ |** એકલવાયું વરિષ્ઠ નાગરિક મંડળની સામાન્ય સભામાં આરોગ્ય અને શિક્ષણ અંગે માર્ગદર્શન અપાયું હતું. મહેશભાઈ જોશીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ સભામાં જિલ્લા ટીબી અધિકારી ડો. દિનેશભાઈ બારોટે ટીબી નિવારણ અંગે માહિતી આપી તમામ સિનિયર સિટીઝનોના એક્સરે લીધાં હતાં. કેનેડાથી પધારેલા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા ઘનશ્યામભાઈ પટેલે શિક્ષણ અંગે વિચારો રજૂ કર્યા હતા, જ્યારે મંત્રી રમેશભાઈ પટેલે સંસ્થાનો અહેવાલ રજૂ કર્યો હતો. આ પ્રસંગે 17 જેટલા વરિષ્ઠ નાગરિકોનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું અને જન્મદિવસ ધરાવતા સભ્યોને પણ મહેમાનોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યાં હતાં. ઉપપ્રમુખ ઉષાબેન શાહના આભાર વિધિ સાથે આ મિટિંગ સંપન્ન થઈ હતી.

### આંકલાવમાં ભક્તિભાવ સાથે મહાવીર જયંતિની ઉજવણી: ભવ્ય શોભાયાત્રા યોજાઈ



**આંકલાવ |** આંકલાવ શહેરમાં કુંથુનાથજી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ દ્વારા ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. બેન્ડવાજાના તાલે અને ભગવાનની પાલખી સાથે નીકળેલી આ શોભાયાત્રામાં 'ત્રીશલા નંદન વીર કી જય' ના નાદથી સમગ્ર નગર ભક્તિમય બની ગયું હતું. આ પ્રસંગે નાના બાળકોએ અહિંસા અને શાંતિના સંદેશ સાથેના બેનરો દર્શાવ્યા હતા અને શ્રદ્ધાળુઓમાં પ્રસાદીરૂપે મીઠાઈનું વિતરણ કરાયું હતું. આ ધાર્મિક મહોત્સવમાં જૈન સમાજ સહિત મોટી સંખ્યામાં નગરજનો જોડાઈને ભગવાન મહાવીર પ્રત્યે પોતાની અતૂટ આસ્થા વ્યક્ત કરી હતી.

### આણંદ કૃષિ યુનિવર્સિટીના ખેલાડીઓનો ખેલકૂદ સ્પર્ધામાં દબદબો: અનેક પદકો જીત્યા



**આણંદ |** દાંતીવાડા ખાતે યોજાયેલ રાજ્ય સ્તરીય આંતર કૃષિ યુનિવર્સિટી ખેલકૂદ સ્પર્ધામાં આણંદ કૃષિ યુનિવર્સિટીના 26 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. યુનિવર્સિટીની ટીમે 100 મીટર (બહેનો), 200 અને 400 મીટર દોડ (ભાઇઓ)માં શાનદાર પ્રદર્શન કરી સુવર્ણ પદકો પ્રાપ્ત કર્યા છે. આ ઉપરાંત, ગોળાફેંક, ચક્રફેંક અને લાંબીકૂદ જેવી વિવિધ સ્પર્ધાઓમાં પણ ખેલાડીઓએ અનેક રજત અને કાંસ્ય પદકો જીતી સંસ્થાનું નામ રોશન કર્યું છે.